# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૮૯ તા.૨૦-૧૦-૨૦૨૧

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

**વિષયઃ-** **એસ.એમ.સી. , એસ.એમ.ડી.સી. તાલીમ અન્વયે ટેલીકોન્ફરન્સના આયોજન બાબત.**

**સંદર્ભઃ-** **એસએસએ/કોમ્યુ.મોબી/૨૦૨૧/ ૩૪૭૩૧-૮૦૨ તા.૧૩-૧૦-૨૦૨૧**

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, શાળા વ્યવસ્થાપન સમિતિ માટે રાજયકક્ષાએથી બાયસેગના માધ્યમથી ટેલીકોન્ફરન્સનું આયોજન તા.૨૦-૧૦-૨૦૨૧ના રોજ બપોરે ૧૨-૦૦ થી ૧-૦૦ કલાક દરમ્યાન કરવામાં આવેલ છે. તથા તેનું પુનઃ પ્રસારણ તા.૨૧-૧૦-૨૦૨૧ના રોજ બપોરે ૧૨-૦૦ થી ૧-૦૦ કલાક દરમ્યાન કરવામાં આવશે. સદર તાલીમમાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં શાળાકક્ષાએ એસ.એમ.સી. ના તમામ સભ્યોને હાજર રાખવાના થાય છે. તો તે અંગેની જાણ અગાઉથી તમામ સભ્યોને કરવાની રહેશે. એસ.એમ.સી.ના સભ્યો આવે ત્યારે કોવીડ-૧૯ ગાઈડલાઈન અને એસઓપી.નું સંપૂર્ણ પાલન કરવાનું રહેશે. આ ટેલીકોન્ફરન્સ માટે એસએમસી.કક્ષાએ પ્રત્યેક સભ્યદીઠ રૂ.૪૦/- લેખે ચા-કોફી અને નાસ્તા માટે રૂ.૪૮૦/-ની ગ્રાન્ટ ફાળવવામાં આવનાર છે. જેમાંથી ખર્ચ કરવાનો રહેશે. હાજર રહેલ સભ્યોની માહિતી તા.૨૩-૧૦-૨૦૨૧ના રોજ નીચે મુજબના પત્રકમાં સીઆરસી.કો.ઓ.ને મોકલી આપવાની રહેશે.

પત્રક

| શાળાનું નામ | યુઆરસી | સીઆરસી | મુખ્ય શિક્ષક | પ્રોજેક્ટ સ્ટાફ | એસ.એમ.સી. સભ્ય | | | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | સ્ત્રી | પુરૂષ | કુલ | | |
| | | | | | | | | | |

નોંધ :- દરેક શાળામાં તેમના વિસ્તારના એક મ્યુનિ.કાઉન્સિલરશ્રીને સભ્ય તરીકે એસએમસી.માં સમાવવાના હોય છે. તાજેતરમાં અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનમાં નવા વરાયેલ મ્યુનિ. કાઉન્સિલરશ્રીઓ પૈકી તમારી શાળાને મ્યુનિ.કાઉન્સિલરશ્રીની ફાળવણી કરી આપવામાં આવશે.જેની સ્પષ્ટ નોંધ લેવી.

તા.૨૦-૧૦-૨૦૨૧

ડૉ. એલ. ડી. દેસાઈ

શાસનાધિકારી